## સંશોધનમાં સહભાગિતાની સંમતિ

તમને એક સંશોધન અભ્યાસમાં સહભાગી થવા માટે કહેવામાં આવી રહ્યું છે.

તમે સંમત થાઓ એ પહેલાં, તપાસકર્તાએ તમને આ બાબતો અંગે જણાવવાનું રહેશેઃ (i) સંશોધનના હેતુઓ, શસ્ત્રક્રિયાઓ (ઑપરેશન) અને સમયગાળો; (ii) પ્રયોગાત્મક હોય એવી કોઇ પણ શસ્ત્રક્રિયાઓ; (iii) સંશોધનના એવા જોખમો, અગવડો અને લાભ જેમની વાજબીપણે પૂર્વધારણા થઇ શકે; (iv) સંભવિતપણે લાભપ્રદ હોય એવી કોઇ પણ વૈકલ્પિક શસ્ત્રક્રિયાઓ કે સારવાર પદ્ધતિઓ; અને (v) ગુપ્તતા કઇ રીતે જાળવવામાં આવશે.

જ્યાં લાગુ પડતું હશે, તપાસકર્તાએ તમને આ બાબતો અંગે પણ જણાવવાનું રહેશેઃ (i) જો ઇજા થાય તો ઉપલબ્ધ હોય એવું કોઇ પણ વળતર કે તબીબી સારવાર; (ii) પૂર્વધારણા ન થઇ શકે એવા જોખમોની શક્યતા; (iii) એવા સંજોગો જેમાં તપાસકર્તા તમારી સહભાગિતા અટકાવી શકે છે; (iv) તમારા ભાગે આવતો વધારાનો ખર્ચ; (v) તમે ભાગ લેવાનું બંધ કરવાનો નિર્ણય કરો તો શું થાય છે; (vi) સહભાગી થવાની તમારી ઇચ્છાને અસર કરે એવા નવા તારણો મળી આવે તો તમને એની જાણ ક્યારે કરાશે; અને (vii) અભ્યાસમાં કેટલા લોકો રહેશે.

જો તમે સહભાગિતા માટે સંમત થાઓ છો, તો તમને આ દસ્તાવેજની એક સહી કરેલી પ્રત અને સંશોધનનો એક લેખિત સારાંશ મળવો જોઇએ.

જ્યારે પણ સંશોધન વિષે તમારે પ્રશ્નો પૂછવા હોય ત્યારે તમે ફોન નંબર ____________ પર ડૉ. મારિયા માત્સાન્ગોઉ ______________________________ નો સંપર્ક કરી શકો છો.

સંશોધનના પાત્ર તરીકેના તમારા અધિકારો વિષે કે જો તમને ઇજા થાય તો શું કરવું એ વિષે તમારે જો કોઇ પ્રશ્નો પૂછવા હોય તો તમે ફોન નંબર 312-503-3998 પર નૉર્થવેસ્ટર્ન યુનિવર્સિટી (Northwestern University), IRBનો સંપર્ક કરી શકો છો.

આ સંશોધનમાં તમારી સહભાગિતા સ્વૈચ્છિક છે, અને જો તમે સહભાગી થવાની ના પાડો કે સહભાગિતા બંધ કરવાનો નિર્ણય કરો તો તમને દંડ નહીં થાય તેમ જ તમને મળતા લાભ પણ બંધ નહીં થાય.

આ દસ્તાવેજ પર સહી કરવાનો અર્થ એ થાય છે કે આ સંશોધન અભ્યાસ વિષે, ઉપર આપેલી માહિતી સહિત, તમને મૌખિક રીતે જણાવવામાં આવ્યું છે, અને તમે સ્વેચ્છાથી સહભાગી થવા તૈયાર થયા છો.

______________________________ ____________
સહભાગીની સહી તારીખ

______________________________ ____________
સાક્ષીની સહી તારીખ